## ૩. હીપેટાઈટીસ સી

આ રોગ હીપેટાઈટીસ બી ની જેમ જ ફેલાય છે. પરંતુ સહેજ જુદો વાયરસ છે. તેને માટે કોઈ રસી આજ સુધીશોધાઈ નથી. હા , સંશોધન ચાલુ છે. વિશ્વમાં લગભગ ૩૦ કરોડ લોકો આ રોગની અસર (રોગના જંતુનું વાહક) નીચે છે. તેના ચિહ્નો દેખાતા નથી એટલે મોટા ભાગના લોકોને આ રોગથી અજાણ છે. તેના ચિહ્નો રોગ લાગ્યા બાદ ૧૫ થી ૧૫૦ દિવસોમાં દેખાય છે. તેમ છતાં જેને રોગ થયેલો છે તે બીજે ફેલાવે તો છે જ.





## ફેલાવો

મુખ્યત્વે ચેપી વ્યક્તિનું લોહી બીજાને ચઢાવવાથી ફેલાય છે. અસલામત લોહી, અસલામત રીતે માણેલું જાતીય જીવન, બીજાની વાપરેલી સોંય, સીરીંજ અને વ્યક્તિગત વપરાશના સાધનો (ટુથબ્રશ, ટુવાલ, રેઝર વગેરે)થી આ રોગ ફેલાય છે. ચેપ લાગે ત્યારે કોઈ ચિહ્નો જણાતા નથી પણ એક વાર ચેપ લાગ્યા પછી તે લીવરમાં વધવા માંડે છે. અને લીવરનું કેન્સર અને લીવરની કામ કરવાની ગતિ મંદ પડી જાય છે. તેના ચિહ્નોમાં ખાસ કરીને ભુખ ના લાગવી, વજન ઘટવું, ઝીણો તાવ થયો હોય તેવી માંદગી, ઉબકા આવવા, કમળો થવો, ચામડીમાં ખંજવાળ આવવી વગેરે છે.

## સારવાર અને અટકાવ

આ રોગને અટકાવવા માટે કોઈ રસી ઉપલબ્ધ નથી. આ સંજોગોમાં રોગને આવતો રોકવાના ઉપાયો પૂરી ચોક્સાઈથી કરવા. હાલમાં જ વપરાતી બે દવાઓ ઈન્ટરફેરન અને એન્ટીવાયરલ આ રોગ સામે અસરકારક પુરવાર થયા છે. છતાં સલાહભર્યું તો એજ છે કે ગુણવત્તાયુક્ત લોહી લેવું, અસલામત જાતીય જીવન ના જીવવું, યોગ્ય નિરોધ વાપરવા અને પ્રમાણભુત નવી સોંય અને સીરીંજ જ વાપરવી. આ ઉપરાંત વ્યક્તિગત વપરાશના સાધનો અલગ રાખવા.